ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૭ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૧૮ ટકા

# શહેરમાં આકરો બનતો ઉનાળો

## મહત્તમ તાપમાન ૩૬.૭ ડિ.સે. પર પહોંચતા ખૂબ ગરમી અનુભવાય છે : જો કે લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી રહેતા બેવડી ઋતુનો અનુભવ

ગાંધીનગર, તા.૧૧

માર્ચ મહિનો જેમ જેમ આગળ વધી રહ્યો છે તેમ તેમ ઉનાળો આકરો બનતો જઈ રહ્યો છે. હજુ તો ઉનાળો શરૂ થયો છે ત્યાં જ મહત્તમ તાપમાન ૩૬.૭ ડિ.સે. પહોંચી જતાં વસાહતીઓએ આકરી ગરમીનો અનુભવ કર્યો હતો.જો કે લઘુત્તમ તાપમાન હજુ ૧૬ ડિગ્રી રહેતા બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

આ વર્ષે ઉનાળો ખૂબ આકરો રહેશે તેના એંધાણ અત્યારથી જ મળી રહ્યા છે. હજુ તો માર્ચ મહિનો શરૂ થયો છે ત્યાં જ ઠેર ઠેર પાણીના પોકાર શરૂ થઈ ગયા છે. અને મહત્તમ તાપમાન છેક ૩૬.૭ ડિ.સે. પહોંચી ગયું છે. આજે સવારથી જ સૂર્યનો તડકો આકરો બન્યો હતો. બપોરે તો એટલો બધો આકરો તડકો લાગતો હતો કે વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. રવિવારની રજાનો લાભ લઈ વસાહતીઓ બપોરના સમયે ઘરમાં જ પુરાઈ રહ્યા અને ગરમીથી બચવાનો પ્રયાસ કર્યો હતો. દ્વિચક્રી વાહન પર નીકળતા વસાહતીઓ મોંઢે રૂમાલ બાંધી તથા હાથના મોજા તડકાથી બચવા માટે પહેર્યા હતા. ખૂબ જ ગરમી પડતાં પંખા અને એસી ફુલ સ્પીડે ચાલવા માંડયા છે. ઠંડા પીણાં અને આઈસ્ક્રીમની માંગ વધવા માંડી છે.

જો કે રાત્રિના સમયે હજુ લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી જેટલું રહેતા બેવડી ઋતુનો અનુભવ થાય છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડક અનુભવાતા બિમારીઓનું પ્રમાણ પણ વધ્યું છે.

# પોલિયો રસીકરણ અભિયાનમાં રોટરી કલબનો સક્રિય સહયોગ





ગાંધીનગર, તા.૧૧

સમગ્ર વિશ્વ અને ભારતમાંથી પોલિયો નાબુદી અભિયાનમાં ઈન્ટરનેશનલ રોટરી કલબ પણ ભાગીદાર બની છે ત્યારે તેના ભાગરૂપે રોટરી કલબ-ગાંધીનગરના સભ્યો પણ આ ઝુંબેશમાં સવારના ૮ કલાકથી જોડાયા હતા અને રાજય વહીવટીતંત્રને સક્રિય સહયોગ આપ્યો હતો.

ગોકુલપુરા, સે-૧૩ રેલવેલાઈન ઉપરની ઝુંપડપટ્ટી, જીઈબી ઝુંપડપટ્ટી, પથિકાશ્રમ, એસ.ટી. ડેપો, અક્ષરધામ અને કોબા, કુડાસણ અને સરગાસણમાં કામ કરતા મજૂર માટે મોબાઈલ વાન મોકલવામાં આવી હતી અને ૧૨૦૦થી વધુ બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતા.

આ અભિયાનને સફળ બનાવવામાં રોટરી કલબના પ્રમુખ ડૉ.દિપક બારોટ અને જાણીતા બાળચિકિત્સક ડૉ. ગુંજન જૈનના નેતૃત્વમાં જશવંત ગાંધી, ચૈતન્ય શુકલ, સુકેતુ મહેતા, કમલકિશોર જૈન, મહેન્દ્રભાઈ ભાવસાર, નિલેશ ગાંધી, નારાયણભાઈ પટેલ, રાહુલ મહેતા, પ્રશાંત પટેલ, જગજીતસિંહ, સમીર ત્રિવેદી, દિનેશસિંહ ચાવડા, સુધીરકુમાર, ડૉ. જગદીશ પટેલ, એચ.એમ. પટેલ, દિલીપ પટેલ, કેતન મહેતા, આશાબેન સરવૈયા, રણછોડભાઈ રથવી તેમજ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને નર્સિંગ કોલેજની બહેનો મોટી સંખ્યામાં જોડાઈ હતી.

# નિસર્ગ દ્વારા ‘ઊર્જા ઉત્સવ-૨૦૧૮’ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

સમગ્ર વિશ્વ જયારે કલાયમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગની સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે ત્યારે સમગ્ર ભારતમાં પહેલીવાર જ કલાયમેટ ચેન્જ વિભાગ ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ છે. કલાયમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકાર, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે તા. ૮-૩-૧૮ના રોજ મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સે. ૧૬ ખાતે ગાંધીનગર જિલ્લાની શાળાઓનો ‘ઉર્જા ઉત્સવ-૨૦૧૮’ કાર્યક્રમ યોજાયો. વિદ્યાર્થીઓ નાનપણથી જ ઊર્જાની જરૂરિયાતને સમજે અને તેનો કરકસર ભર્યો ઉપયોગ કરે તે હેતુથી ઊર્જા ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.






આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, કલાયમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકારના સંયુક્ત સચિવ મુકેશભાઈ શાહ, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીમાંથી જયસ્વાલભાઈ, નટુભાઈ પટેલ, વાટલીયાભાઈ, ચંદુભાઈ પટેલ, નરેશભાઈ ઠાકર, વસંતભાઈ પટેલ, પ્રદિપસિંહ વાઘેલા તથા નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનીલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઊર્જા ઉત્સવ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ માટે ઊર્જા કિવઝ સ્પર્ધા, ઊર્જા ચિત્ર સ્પર્ધા, ઊર્જા રમતો, ઊર્જા ફિલ્મ શૉ, ઊર્જા પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઊર્જા ચિત્ર સ્પર્ધામાં ગાંધીનગરની જુદી જુદી ૪૭ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઊર્જા ચિત્ર સ્પર્ધાનો વિષય ઊર્જા સંરક્ષણ રાખવામાં આવ્યો હતો. તેમાં પ્રથમ ક્રમે વલાદ બ્રાઈટ સ્કૂલની સૃષ્ટિ પાંચાણી, દ્વિતીય ક્રમે દિવ્યરાજ વિહોલ, જે.બી. પ્રાથમિક શાળા, સે. ૨૩, તૃતિય ક્રમે હેત વઘાસીયા, મહર્ષિ અત્રી તપોવન, પીંપળજ વિજેતા થયા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

# ચિલોડા હાઈવે પર કાર પલ્ટી ખાઈ જતા બે માસના બાળકનું મૃત્યુ

## હિંમતનગરથી ચિલોડા તરફ આવતી કારને આડે ફુતરુ આવતા અકસ્માત સર્જાયો : ધણપ પાસે બનેલી ઘટના

ગાંધીનગર, તા.૧૧

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી રાજધાની સોસાયટીમાં રહેતા દિપકભાઈ રમેશગીરી ગોસ્વામી તેમના પરિવાર સાથે કવીડ ગાડીમાં નિકળ્યા હતા ત્યારે તેમનો અકસ્માત નડયો હતો. પોતાની રેનોલ્ટ કવીડ ગાડી લઈને પરિવાર સાથે દિપકભાઈ રાજસ્થાનના જયપુર ખાતે ગયા હતા. શનિવારે બપોરે રાજસ્થાનથી અમદાવાદ તરફ આવી રહ્યા હતા ત્યારે હિંમતનગર-ચિલોડા હાઈવે ઉપર ધણપ ગામના પાટીયા પાસે તેમની ગાડીની આડે કૂતરૂ દોડી આવતા દિપકભાઈએ ગાડીનું સ્ટીયરીંગ ફેરવી દીધું હતું અને ગાડી પલ્ટી ખાઈ ગઈ હતી. ગાડીમાં તેઓ ઉપરાંત તેમની પત્નિ દિપીકાબેન તેમનો બે માસનો વ્હાલ સોયો દિકરો ચિરાગ તથા પરિવારના અન્ય સભ્યો હતા. રાત્રે બે વાગે બનેલી આ ઘટનામાં ઈજાગ્રસ્ત તમામને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા જયાં બે માસના ચિરાગનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. પરિવારમાં તથા હોસ્પિટલમાં આ ઘટનાથી શોકની કાલીમા છવાઈ ગઈ હતી. ચિલોડા પોલિસે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અડાલજ-કોબા રોડ ઉપર ગાડી રોકી વૃધ્ધે દવા પી લીધી...!

## ઓઢવના વૃદ્ધે ડી.પી.એસ. સ્કુલ સામે ગાડી રોકીને ઉંદર મારવાની દવા ગટગટાવી : સારવાર દરમિયાન વૃદ્ધનું હોસ્પિટલમાં મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

અમદાવાદના ઓઢવ ખાતે રહેતા ૬૨ વર્ષીય વૃદ્ધ પોતાના વતન કડીથી ગાડી લઈને પરત જઈ રહ્યા હતા ત્યારે ૮મી માર્ચે અડાલજ કોબા રોડ ઉપર ડી.પી.એસ. સ્કુલ સામે ગાડી રોકીને તેમણે કોઈ કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઊંદર મારવાની દવા પી લેતા ગંભીર હાલતમાં હોસ્પિટલ દાખલ કરવામાં આવેલા વૃદ્ધનું આજે સારવાર દરમિયાન પ્રાણપંખેરું ઉડી ગયું હતું. અડાલજ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ઓઢવના વિરાટનગર રોડ ઉપર આવેલી વૃન્દાવન પાર્ક સોસાયટીમાં રહેતા ૬૨ વર્ષીય દલસુખભાઈ ચતુરભાઈ પટેલ કડીના વતની હતા. ૮મી માર્ચે વતન કડીથી તેઓ પોતાની ગાડી લઈને પરત ઓઢવ પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે અડાલજ-કોબા રોડ ઉપર ડીપીએસ સ્કુલ સામે પોતાની ગાડી અચાનક ઉભી રાખી દીધી હતી. ગાડીમાંથી ઉંદર મારવાની દવા કાઢીને આ ઝેરી દવા કોઈ અગમ્ય કારણોસર તેમણે ગટગટાવી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્રણ દિવસથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા દલસુખભાઈનું આજે કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણ અને ગૃહ કલેશ જવાબદાર હોવાનું તપાસનીશ અધિકારીનું માનવું છે અને તે દિશામાં પોલિસે તપાસ હાથ ધરી છે.

# શહેરના સેકટરોમાં મુકાયેલા રમત-ગમતના સાધનોની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી વિવિધ સેકટરોમાં બાળકો માટે રમત-ગમતની કીટ મુકવામાં આવી છે. તો કેટલાક સેકટરોમાંથી ચોર ઈસમો બાળકોના રમત ગમતના સાધનોની ઉઠાંતરી કરી પલાયન થઈ જવાના કિસ્સા ધ્યાને આવ્યા છે.

શહેરમાં ચોરીઓના તો અનેક કિસ્સા બને છે હવે તેમાં બાળકો માટે સેકટરોમાં મુકાયેલા રમત ગમતના સાધનોની ઉઠાંતરીની ઘટના પણ બનવા પામી રહી છે.

ગાંધીનગર મહાનગર પાલિકા તંત્ર અને વોર્ડના કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી પોતાના વિસ્તારમાં આવેલ સેકટરના વિવિધ સ્થાનો પર બાળકો શાંતિથી ઘર આંગણે રમી શકે તેવા ઉમદા હેતુથી રમત-ગમતની કીટ મુકવામાં આવી છે. જેમાં હીંચકા-લપસણી, ચકરડી સહિત નાના બાળકો પણ ખુશ થાય તે માટે કીટ મુકવામાં આવી છે. જે સ્થળ પર રમત-ગમતના સાધનો ફીટ કરવામાં આવ્યા છે. તે સ્થાનો પર તારની ફેન્સીંગ પણ મારવામાં આવી છે. તેમ છતા કેટલાક સેકટરમાં બાળકો માટે ફીટ કરવામાં આવેલ રમત-ગમતના સાધનોની ચોરી થવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે કેટલાક સ્થાનો પર બાળકો ગમે તેમ પછાડતા સાધનો તુટી પણ જવા પામ્યા છે. જયારે કેટલાક અજાણ્યા શખ્સો આ સાધનોની ઉઠાંતરી કરી પલાયન થઈ જાય છે. સાંજના સુમારે બાળકો રમીને ગયા હોય અને સવારે ઉઠીને નજર નાંખે તો કીટમાં મુકાયેલા સાધનોમાંથી કેટલાક સાધનો ગુમ થઈ ગયા હોય છે. અજાણ્યા ચોર ઈસમો બાળકોના રમવાના સાધનો પણ ગણતરીની મિનીટોમાં લઈ પલાયન થઈ જતા હોય છે. રમત ગમતના સાધનોની આવી ઉઠાંતરીની પ્રકિયા યથાવત રહેવા પામી તો મનપા તંત્ર દ્વારા ફરીવાર રમત ગમતની કીટ બાળકોને આપવી પડે તેવી સ્થિતિ ઉદભવે તો નવાઈ નહી.

# શહેરમાં જાહેરમાં કચરો બાળવાની ઘટના યથાવત

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં જાહેરમાં કચરો બાળવાની ઘટના ફરીવાર પ્રકાશમાં આવી છે. આજે શહેરના ગ માર્ગ પર સેકટર-૩ અને ૪ તરફના વળાંક પાસે જ કોઈએ જાહેરમાં પાંદડા સળગાવી મુકયા હતા. જાહેરમાં કચરો બાળવો તે પ્રતિબંધિત છે. કચરો બાળવાથી પર્યાવરણને પણ નુકશાન પહોંચે છે. જાહેરમાં કચરો સળગાવે તો તેના સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે તેમ છે. તેમ છતાં શિક્ષણ નગરી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં જ કાયદાની હાંસી ઉડાવવામાં આવી રહી છે. આજે જ માર્ગ ઉપર પણ કોઈએ કચરો સળગાવતા આગ લાગી હોય તેવા ધુમાડા ઉડતા નજરે પડ્યા હતા. ત્યારે આ કચરા બાળવાનો સિલસિલો કયારે કયાં જઈને અટકશે તે કહેવું મુશ્કેલ છે. પરંતુ શહેરમાં હવે ઉનાળાના પ્રારંભે જ પાનખરમાં પાંદડા પડ્યા હોય અને મોટીમાત્રામાં હોય તેના ઉંચા કરીને લઈ જવા તેના કરતા કોઈ જોઈ ના જાય તેમ આગ લગાડી દેતા હોય છે. જેને પગલે એક ઝાટકે તમામ વિસ્તાર સાફ થઈ જાય તેવી નિતીને પગેલ કયારે આગ મોટી થઈ જતા ફાયરટીમની મદદ લેવી પડે છે. ત્યારે ફાયર ટીમના જવાનો આવી ને આગ પર કાબુ મેળવી વન્યસૃષ્ટિને પણ નુકશાન થતી અટકાવે છે. ત્યારે નગરના કહેવાતા શિક્ષિત નાગરીકોએ જાહેરમાં કચરો બાળવો જોઈએ નહી તેમજ તંત્રના પણ કર્મચારીને કચરો સળગાવવા દેવો જોઈએ નહીં.તે માટે દરેકમાં લોકજાગૃતિ આવે તે જરુરી છે.

# મહિલાઓ આરોગ્ય અને આત્મસન્માન માટે સ્પોર્ટસમાં ભાગ લે

## ગાંધીનગરમાં ૩૮ વર્ષ સુધી સ્વિમીંગ કોચ રહી ચુકેલા અંજના પટેલે ૧૨ વર્ષની ઉંમરે નેશનલ મેડલ જીત્યો હતો : અસંખ્યવાર રાષ્ટ્રીય વિક્રમો સ્થાપવા સાથે યશસ્વી દેખાવ કરનાર અંજનાબેન ૭૦ વર્ષની વયે પહોંચવા છતાં સક્રીય રહી નવી પેઢી માટે પ્રેરણારૂપ બન્યા છે




ગાંધીનગર, તા.૧૧

વિશ્વ મહિલા દિન નિમિત્તે તાજેતરમાં જ ગાંધીનગર ખાતે નવમો ઉદ્ગમ વુમન્સ એચિવર એવોર્ડ સમારંભ યોજાઈ ગયો. જેમાં વિવિધ ક્ષેત્રે યશસ્વી યોગદાન આપનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૦માં આ એવોર્ડ સિરીઝના સૌ પ્રથમ સમારંભમાં હાલ સે-૪માં રહેતા ગાંધીનગરના મહિલા તરણવીર અંજના પટેલને પણ આ એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા. માત્ર ૧૨ વર્ષની ઉંમરથી પોતાના દાદા અને પિતાની પ્રેરણાથી સ્વિમીંગ શિખવાનું પ્રારંભ કરનાર અંજનાબેને તેમની કારકિર્દીમાં અગણિત સ્પર્ધાઓ જીતવા સાથે આશરે ૩૫ જેટલી રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધાઓ જીતી છે તેમજ ગાંધીનગરમાં ૩૪ વર્ષ સુધી જીમખાનામાં સ્વિમીંગ કોચ તરીકે સેવાઓ આપી ચુકયા છે. મોટી વયના ખેલાડીઓ માટે યોજાતી સ્પર્ધાઓમાં પણ હંમેશા યશસ્વી દેખાવ કરનાર અંજનાબેનની પૌત્રી મહકે પણ હવે દાદીના પગલે ચાલીને છેલ્લા ખેલ મહાકુંભમાં રાજયકક્ષાએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમા ઉછરેલા અંજનાબેનના પિતા લાલભાઈ ગૃપની કાપડ મીલમાં ડાઈ માસ્ટર હતા. એક ભાઈ અને એક બહેન સાથે ત્રણ સંતાનના આ પરિવારના બાળકોના દાદા જેઓ બ્રિટીશ શાસનના સમયમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરશનમાં સિવિલ એન્જિનીયર હતા અને સુરતના પોશ વિસ્તાર આઠવા લેન પરની એક માત્ર કલબના સ્વિમીંગ પુલની ડિઝાઈન તેમણે બનાવી હતી. દાદાની ઈચ્છા હતી કે તેમના પૌત્રો પણ સ્વિમીંગ શીખે અને આ ઈચ્છા અમદાવાદમાં લાલદરવાજા પાસે સ્વિમીંગ પુલ બનતા તેમના પુત્ર રમણલાલ એટલે કે અંજનાબેનના પિતાએ પુરી કરી. તે સમયે અમદાવાદમાં એક જ સ્વિમીંગ પુલ હોવાથી ભીડ બહુ જામતી અને કોચ દરેક પર પુરતું ધ્યાન આપી શકતા નહી તેથી વાલીએ જ બાળકની જવાબદારી લેવી પડતી હતી તેથી રમણલાલે જાતે જ બાળકોને સ્વિમીંગ શિખવાડવાનું કાર્ય ઉપાડી લીધું હતું. ખેલાડી બનવા માટે રમત શીખવા સાથે ફીટનેસ પણ અગત્યનું પાસું હોવાથી સંતાનોને વ્યાયામ મળી રહે તે હેતુથી છેક નવરંગપુરાથી લાલદરવાજા સુધી બાળકોને




દોડતા જ લઈ જતા અને પોતે સાથે સાયકલ લઈને જતા હતા. સ્વિમીંગ પ્રેકટીસ પત્યા પછી બાળકોને કેન્ટિનમાં નાસ્તો કરાવી પ્રોત્સાહિત પણ કરતા આ પિતાને અડોશ પડોશમાં ‘આ દિકરીઓને રમતના રવાડે ચઢાવી બગાડી મૂકશે’ જેવા મહેણાં પણ સાંભળવા પડતા હતા. જો કે ત્રણેય સંતાનોમાં અંજનાબેને શાળાકીય અને જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ જીતવા માંડી હતી. માત્ર એક જ વર્ષમાં તેમણે રાજયકક્ષાની સ્પર્ધા જીતી ત્રિવેન્દ્રમ ખાતેની નેશનલ સ્કૂલ ગેમ્સમાં પણ ભાગ લઈ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. અંજના બેન કહે છે કે ‘પ્રથમવાર હું રાજયકક્ષાએ રમવા ગઈ ત્યારે પહેલીવાર જ ૫૦ મીટરના સ્વિમીંગ પુલમાં રમી હતી કારણ કે અમદાવાદમાં તો ૩૬ મીટરનો જ સ્વિમીંગ પુલ હતો, આ કારણે હું વિજેતા બની છું તેની મને ખબર જ પડી નહોતી.’

આ પછી તો બીજા વર્ષે ઈન્દોર ખાતે ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ અને બેક સ્ટ્રોક બંનેમાં સમગ્ર ભારતમાં દ્વિતિય સ્થાન મેળવ્યું અને ત્રીજા વર્ષે કટક જઈને ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં નેશનલ લેવલે પ્રથમ ક્રમાંક મેળવવા સાથે નવો વિક્રમ પણ સ્થાપ્યો હતો. બસ પછી તો બનારસ, દિલ્હી, જયપુર, મુંબઈ, ત્રિવેન્દ્રમ વગેરે અનેક સ્થળોએ તરણ સ્પર્ધાની સ્વિમીંગની વિવિધ સ્પર્ધા જેવી કે ફ્રી સ્ટાઈલ, મીડ રીલે, બેક સ્ટ્રોક વગેરેમાં ચંદ્રકો જીતવા સાથે ૧૯૬૧થી ૧૯૬૪ સુધી સતત ચાર વર્ષ અને ફરી ૧૯૬૯માં ગુજરાતના ડાઈવીંગ ચેમ્પિયન બન્યા હતા. વડોદરામાં અખિલ ગુજરાતમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ શિલ્ડ સ્પર્ધા પણ લાગલગાટ ત્રણ વર્ષ સુધી જીતી શિલ્ડપેશ પોતાની પાસે મેળવ્યો હતો. રાષ્ટ્રીય સ્પર્ધા રમવા જતી વખતે ઓછી ટ્રેનોની સંખ્યાના જમાનામાં ત્રીજા વર્ગમાં ભીડભાડમાં પોતાના સામાન પર બેસીને લાંબી મુસાફરી કરવા જેવી અનેક મુશ્કેલીઓ છતાં તેઓએ મનોબળ ટકાવી રાખ્યું હતું અને પોતાનું પ્રદર્શન સુધારવા સાથે અસંખ્યવાર નવા રાષ્ટ્રીય કિર્તિમાન સ્થાપિત કર્યા હતા. અમદાવાદની નવગુજરાત કોલેજમાંથી બીએએલએલબી કરનાર અંજનાબેનના કોલેજકાળ દરમિયાન જ લગ્ન થઈ ગયેલા અને લગ્નના ત્રીજા દિવસે જ આયકર વિભાગમાં નોકરી પણ મેળવી લીધી હતી. જો કે ત્રણ જ વર્ષમાં આ નોકરી બાળકોના ઉછેર માટે છોડી પતિ અરવિંદભાઈ જેઓ નર્મદા કેનાલ વિભાગમાં એન્જિનીયર હતા તેમની સાથે ૧૯૭૨માં ગાંધીનગર રહેવા આવી ગયા હતા. અહીં ૧૯૭૭માં સે-૧૯માં જીમખાનાનો પ્રારંભ થયો ત્યારે તેમને સ્વિમીંગ કોચ તરીકે ઈન્ટરવ્યુમાં સામેથી બોલાવવામાં આવ્યા અને તે નોકરી પણ મળી ગઈ હતી.

બસ ત્યારથી લઈને સતત ૩૪ વર્ષ સુધી તેમણે ગાંધીનગરમાં અનેક મહિલાઓને, દિકરીઓને તથા ૧૦ વર્ષથી નાના દિકરાઓને સ્વિમીંગ શીખવાડયું હતું. તેમના આ કાર્યકાળ દરમિયાન તેમણે કેટલાક પરિવારની ચાર કે ત્રણ પેઢીને સ્વિમીંગ શીખવાડયું છે. આ પછી તેમણે ૪ વર્ષ ઈન્ફોસિટી કલબમાં પણ સ્વિમીંગ કોચ તરીકે સેવાઓ આપી હતી. આ દરમિયાન તેઓ વરિષ્ઠ ખેલાડીઓ માટેની માસ્ટર્સ એથ્લેટિકસમાં ભાગ લઈ રાષ્ટ્રીય અને રાજયકક્ષાએ નવા નવા વિક્રમો સાથે મેડલ્સ જીતતા જ રહ્યા હતા. આ સાથે ગુજરાત સરકારે ચાલુ કરેલા ખેલ મહાકુંભમાં પણ તેમનું યશસ્વી યોગદાન રહ્યું હતું. જે આજે ૭૦ વર્ષની ઉંમરે પહોંચવા છતાં ચાલુ જ રહ્યું છે. વર્ષ ૨૦૧૬માં તેમણે ભારતીય નૌ સેના દ્વારા આયોજિત દરિયાઈ તરણ સ્પર્ધામાં પ્રથમવાર જ દરિયામાં ૬.૫ કિમી ઓપન કેટેગરીમાં તરીને દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર રાજયનું ગૌરવ વધાર્યુ હતું. તેમની સિધ્ધિઓ માટે તેમને ઉદગમ ઉપરાંત તેમના સમાજ વતી અને સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ જેવી સંસ્થાઓ દ્વારા સન્માનિત કરાઈ ચુકયા છે. પોતાની પૌત્રી મહકને પણ સ્વિમીંગ માટે પ્રોત્સાહિત કરતા તેણે પણ માત્ર ૧૨ વર્ષની ઉંમરે રાજય કક્ષાએ દ્વિતિય સ્થાન મેળવ્યું છે. સાચી મહિલા શકિતના પર્યાય સમા અંજનાબેન કહે છે ‘મહિલાઓએ સ્પોર્ટસમાં ભાગ લેવો જ જોઈએ કારણ કે સ્પોર્ટસથી આરોગ્ય પણ સારું રહે છે અને આત્મસન્માન પણ વધે છે.’ તેઓ યુવા ખેલાડીઓ માટે કહે છે કે, ‘હવે સ્પર્ધાત્મક યુગ છે તો મહેનત તો કરવી પડશે, મહેનત વગર કોઈ જ સિધ્ધિ પ્રાપ્ત થશે નહીં.’ ગાંધીનગરની અનેક દિકરીઓએ તેમની તાલીમના સહારે સ્પોર્ટસ ક્ષેત્રે કારકિર્દી ઘડી છે તેનો તેમને આનંદ છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## વાતવાતમાં

● બોર્ડની પરીક્ષાઓના આગળના દિવસે પરીક્ષાર્થીઓના ઘરે શુભેચ્છા આપવા આવનારા સ્નેહીજનો તથા શુભેચ્છકોનો ધસારો રહેવા પામ્યો હતો.

# આલમપુરમાંથી ત્રણ શકુની પકડાયા ત્રણ ફરાર

ગાંધીનગર, તા.૧૧

ચિલોડા પોલિસ સ્ટેશનની ટીમે ચોકકસ બાતમી આધારે આલમપુર ગામના ઠાકોર વાસમાં દરોડો પાડી ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ત્રણ શખ્સોને પકડી પાડયા હતા પોલીસને જોઈને થયેલી નાસભાગમાં ત્રણ શકુનીઓ નાસી છુટવામાં સફળ રહ્યા હતા. પોલિસે ઉદા બબા ઠાકોર, ભીખા ફના ઠાકોર અને અરવિંદ અભી ઠાકોરને રૂ. ૯૫૦ના રોકડ મુદ્દામાલ સાથે પકડી પાડયા હતા જયારે અન્ય ત્રણ શખ્સો ભરત મનુ ઠાકોર, બકા ખોડા ઠાકોર અને અનીલ પુજા ઠાકોર નાસી છુટવામાં સફળ રહ્યા હતા જેમને પકડવા પોલિસ દોડતી થઈ છે.

## ચિરવિદાય

- સ્વ. રાવલ નરેશભાઈ નટવરભાઈ, ઉ.વ. ૫૧
- સ્વ. પ્રભાવતી ભીખારામ સરકલે, ઉ.વ. ૬૮
- સ્વ. પટેલ બળવંતભાઈ વાઘજીભાઈ, ઉ.વ. ૮૬